# કાન કાંકરડી ના મારો રે....નવી નક્કોર છે માટલી



હાલોલ



કાલોલ

**દાહોદ, કાલોલ, હાલોલ :** હાલ નવરાત્રિ મહોત્સવ અંતિમ ચરણમાં છે અને આજે દશેરા પર્વની આખા દેશમાં ધૂમધામથી ઉજવણી કરવામાં આવશે ત્યારે આઠમાં નોરતે સમગ્ર ગુજરાતમાં ખેલૈયાઓએ મનમૂકીને ગરબે ઘૂમી માતાજીની આરાધનના પર્વ નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરી હતી. જેમાં દાહોદ, પંચમહાલ જિલ્લામાં મોડી રાત સુધી અનેક ગરબા મંડળોમાં નવલા નોરતાની રમઝટ ચાલી હતી અને આબાલ વૃદ્ધ સૌ કોઇ ગરબે ઘૂમતા નજરે પડ્યા હતા. મોડી રાત સુધી ગરબા રમીને ગરબા પત્યા બાદ ખેલૈયાઓએ નાસ્તા પાણીની મોજ માણી હતી. આમ, નવરાત્રિ પર્વની ઉજવણી ભારે ધૂમધામથી અને હરખભેર ઉજવણી કરતા ગુજરાતીઓએ ફાંકો બોલાવી દીધો હતો. હાલોલ શહેરનાં ગરબા મેદાનોથી લઈને શેરીઓ, સોસાયટીઓ મા ભક્તિ, ઉત્સાહ અને પરંપરાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. રાત પડતાં જ પરંપરાગત અવનવા પોશાકમાં સજ્જ ખેલૈયાઓ ગરબાનાં મેદાનો તરફ ઉમટી પડ્યા હતા. ઢોલના નાદ, ગરબાનાં ગીતો અને માતાજીના જયઘોષ વચ્ચે ખેલૈયાઓએ તાલબદ્ધ ગરબા રમી નવરાત્રિની ઉજવણી કરી હતી.



દાહોદ



દાહોદ



દાહોદ



## યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી મંદિરે આઠમે હવન કરાયુ, લાખોની સંખ્યામાં માઈભક્તો ઉમટ્યા

હાલોલ : આસો નવરાત્રિના પવિત્ર આઠમના નોરતે કાલોલની હાઉસિંગ સોસાયટી સ્થિત સુવર્ણ હોલ ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં ખેલૈયાઓ અને દર્શકોની ભારે ભીડ જોવા મળી હતી. મહાઅષ્ટમીના પાવન અવસરે માતાજીના ભક્તિભાવપૂર્વક ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ પ્રસંગે પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ, જિલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલ, કાલોલ શહેર પ્રમુખ કલ્પેશભાઇ પારેખ, પાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા, મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, મંડળ પ્રમુખ મહિદીપસિહ ગોહિલ,યુવા મોરચા પ્રમુખ વિરેન્દ્રસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સંજય રાઠોડ,ડૉ. સુનિલ પરમાર તેમજ એપીએમસી ચેરમેન ધર્મેન્દ્રસિંહ રાઠોડ સહિતના



અગ્રણીઓએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. આઠમના નોરતે યોજાયેલા આ ગરબા મહોત્સવમાં સાંસદ સહિત તમામ રાજકીય અને સામાજિક આગેવાનોએ ખેલૈયાઓ સાથે તાલ મિલાવીને ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી.

## કાલોલમાં સાંસદે ગરબા પંડાલોની મુલાકાત લઈ માતાજીની આરતી ઉતારી

કાલોલ : પંચમહાલ લોકસભા વિસ્તારના સાંસદ રાજપાલસિંહ જાદવ દ્વારા કાલોલ નગરમાં ચાલી રહેલા નવરાત્રી મહોત્સવ દરમિયાન વિવિધ ગરબા પંડાલોની ઉત્સાહભેર મુલાકાત લેવામાં આવી હતી. આ અવસરે તેમણે અને અન્ય આગેવાનોએ માતાજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી અને નગરજનોને



નવરાત્રી પર્વની શુભકામનાઓ પાઠવી હતી. સાંસદ રાજપાલસિંહ જાદવે નગરના હાઉસિંગ સોસાયટી, સ્ટેશન રોડ તેમજ મહાલક્ષ્મી ચોક ખાતે યોજાયેલા નવરાત્રી મહોત્સવોમાં વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. મા અંબાની ભક્તિભાવથી પૂજા-આરતી કરી તેમણે નગરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની કામના કરી હતી.

## વકૃત્વ સ્પર્ધામાં હાલોલની કલરવ શાળાની વિદ્યાર્થિનીએ ઝળહળતી સિદ્ધિ મેળવી



(પ્રતિનિધી) હાલોલ, તા.19 વિકસિત ભારત 2047 અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના સેવા સંકલ્પને 25 વર્ષ પૂર્ણ થયા હોવાથી તેની ઉજવણી ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં કરવામાં આવી હતી. જેમાં રાજ્યની શાળાઓમાં સેવા અને સુશાસન તથા વિકસિત ભારત 2047 આ વિષયના અંતર્ગત ચિત્ર રંગોળી અને વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન દરેક શાળાઓમાં કરવામાં આવ્યું હતું.

## લીમખેડાની મહિલાઓએ માટીકામથી મેળવી નવી ઓળખ

(પ્રતિનિધી) લીમખેડા, તા.19 લીમખેડાની 'મા બ્રહ્માણી કુંભારી કામ કલાગીરી સખી મંડળ'ની ૧૧ મહિલાઓ પરંપરાગત માટીકામની કળા દ્વારા આત્મનિર્ભર બની છે. વર્ષ ૨૦૧૩થી કાર્યરત આ મંડળ માટલાં, કુલડી, કોડિયાં, કપ, તવા અને અન્ય અનેક માટીનાં વાસણો બનાવી પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે.

સરકારના પ્રોત્સાહન અને સરસ મેળાઓમાં નિઃશુલ્ક સ્ટોલની સુવિધાથી બહેનોને પોતાનાં ઉત્પાદનોનું વેચાણ કરવાની તક મળી છે. અમદાવાદ, સુરત સહિતનાં શહેરો ઉપરાંત દિલ્હી, મુંબઈ અને ગોવા સુધી તેમનાં ઉત્પાદનો લોકપ્રિય બન્યાં છે. મંડળે વિવિધ મેળાઓમાં



વેચાણ કરીને રૂ. ૬ લાખથી વધુની બચત પણ કરી છે.

મંડળનાં સભ્ય સુભદ્રાબેન રાઠોડના જણાવ્યા અનુસાર, માટીનાં વાસણોમાં બનાવેલું ભોજન સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ બને છે. સરકારના સહયોગથી બહેનોની આવકમાં વધારો થયો છે અને તેઓ આર્થિક રીતે સક્ષમ બની છે.

## કાંકણપુર આર્ટસ કોમર્સ કોલેજના આચાર્યનો વિદાય સમારંભ યોજાયો

ગોધરા : સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કાંકણપુર સ્થિત શ્રી જે.એલ.કે. કોટેચા આર્ટસ એન્ડ શ્રીમતી એસ.એચ. ગાડી કોમર્સ કોલેજના આચાર્ય ડો. જે.પી. પટેલનો વિદાય સમારંભ યોજાયો હતો. તેમની ૩૫ વર્ષની શૈક્ષણિક સેવાની પૂર્ણાહુતિ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે ૪૦૦ જેટલા શિક્ષણવિદો, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૧૯૯૧માં કાંકણપુર કોલેજના સમાજશાસ્ત્ર વિભાગથી પોતાની કારકિર્દીનો પ્રારંભ કરનાર ડો. જગદીશ પટેલે સંસ્થામાં બે વખત આચાર્ય તરીકે ફરજ બજાવી હતી. આચાર્ય ઉપરાંત તેમણે રમતગમત, યુવક મહોત્સવ અને પરીક્ષાલક્ષી વિદ્યાર્થી માર્ગદર્શનમાં કામગીરી કરી હતી.

## સિંગવડના સુડિયા ગામમા મોબાઈલ ટાવરનુ ખાતમુહૂર્ત કરાયું

(પ્રતિનિધી) સિંગવડ, તા.19 સિંગવડ તાલુકાના સુડિયા ગામમાં વર્ષોથી ચાલી આવતી નેટવર્કની સમસ્યાના નિરાકરણ માટે આજ રોજ સરપંચ તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં BSNL ટાવરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સુડિયા ગામના સરપંચ દ્વારા સાંસદ જસવંતસિંહ ભાભોર તથા ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ગામની વર્ષો જૂની નેટવર્કની સમસ્યાના નિરાકરણ માટે સહયોગ આપવા બદલ સાંસદ જસવંતસિંહ ભાભોર તથા ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર તથા તમામ સહયોગી ઓનો સમગ્ર સુડિયા ગામ વતી હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામા નિગસ મૂસજ



**જાહેર નોટીસ**

સંજેલીના મ્હે. જ્યુડી. મેજીસ્ટ્રેટ (ફ.ક.) શ્રી ડી.ધોણીયા સાહેબની કોર્ટમાં

ક્રિ.પ.અ.નં. ૮૩/૨૦૨૬ મુદત તારીખ:૧૭/૧૧/૨૦૨૬

અરજદાર: તાવિયાડ બાબુભાઈ વેલજીભા, રહે.થાળા (સંજેલી), તા.સંજેલી, જી.દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી થાળા (સંજેલી), તા. સંજેલી, જી.દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર ના નામે તાવિયાડ બાબુભાઈ વેલજીભાઈ રહે. થાળા (સંજેલી), તા.સંજેલી, જી.દાહોદ. નાઓનો પુત્ર તાવિયાડ બિપિનભાઈ બાબુભાઈ ની જન્મ તારીખ :૦૫/૦૬/૨૦૦૬ ના રોજ થાળા (સંજેલી), તા.સંજેલી, જી.દાહોદ મુકામે કુદરતી રીતે થયેલ છે. જેની નોંધ અરજદારની અજ્ઞાનતા અને શરતચુકથી સામાવાળાના રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોય મરણની નોંધણી કરાવવા સારૂ હાલની અરજી કરેલ છે. સદરહું અરજી સામે લાગતા વળગતા હિત ધરાવતા ઈસમોને કોઈ વાંધો કે તકરાર હોય તો અત્રેની અદાલતમાં વાંધા કે તકરાર મુ.તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ રજુ કરવા હાજર રહેવું. જો તેમ કરવામાં ચુક કરવામાં આવશે તો નામદાર અદાલત સદર અરજી અંગે આગળની કાયદેસરની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો આજ તા.૧૯ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો..

કોર્ટનો સિક્કો

હુકમથી, (રજિસ્ટ્રાર) (બી.જે.પટેલ)
જ્યુડી.મેજી(ફ.ક.)કોર્ટ,સંજેલી.

**મેનેજમેન્ટ કવોટા પ્રવેશ જાહેરાત**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિનાયમકશ્રીના તા. 05-07-2012 ઠરાવ મુજબ વર્ષ 2026-27 માટે મેનેજમેન્ટ કવોટાની 15% લેખે ૯ સીટ માધ્યમ : ગુજરાતી સંસ્થાને પ્રકાર : મિક્ષ

પ્રવેશ માટે અરજી સ્વિકારવાની તારીખ : 20-10-2026 થી 24-10-2026 સુધી પોસ્ટ દ્વારા - રૂબરૂ સ્વીકારવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા પ્રા.શિ.ડિપ્લોમાં (ડી.એલ.એડ) લાયકાત અને ઉમરના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

ફોર્મ ફી સામાન્ય ઉમેદવાર માટે રૂા. 150 અનામત વર્ગ માટે રૂા. 100

: સરનામું :

શ્રી ખેડૂત ખેત મ. જા. કેળવણી મંડળ ડી. એલ. એડ કોલેજ સંજેલી
મુ.પો.તા. સંજેલી જિ. દાહોદ - 399175

Principal
Shri Khe Khe M.K.M.P.T.C. College Sanjeli
At. Po. Ta. Sanjali, Dist. Dahod (Guj.)